Saturday
03.06.2023
*Volume :7 * Issue No.305
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેક દિવસનાં ૩૫૦માં વર્ષ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધન કર્યું

## "શિવાજી મહારાજે ભારતની એકતા અને અખંડિતતાને જાળવવા હંમેશા સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું હતું"

**"રાષ્ટ્રીય કલ્યાણ અને જનકલ્યાણ એ બંને છત્રપતિ શિવાજી મહારાજના સુશાસનનાં મૂળભૂત તત્વો છે"**

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે છત્રપતિ શિવાજી મહારાજનાં રાજ્યાભિષેકના ૩૫૦માં વર્ષ નિમિત્તે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, આઝાદી કા અમૃત મહોત્સવમાં છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષિકનો દિવસ દરેક માટે નવી ચેતના અને નવી ઊર્જા લઈને આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક ત્રણસો પચાસ વર્ષ અગાઉના ઐતિહાસિક સમયગાળાનું એક વિશેષ પ્રકરણ છે તથા અત્યારે દરેક વ્યક્તિ માટે સ્વશાસન, સુશાસન અને સમૃદ્ધિ

**"છત્રપતિ શિવાજી મહારાજ તેમની દીર્ઘદ્રષ્ટિને કારણે ઇતિહાસનાં અન્ય નાયકોથી સંપૂર્ણપણે અલગ છે"**

**"છત્રપતિ શિવાજી મહારાજના વિચારોનું પ્રતિબિંબ એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનમાં જોઈ શકાય છે"**

માટે પ્રેરણારૂપ છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, "રાષ્ટ્રીય કલ્યાણ અને જનકલ્યાણ એ શિવાજી મહારાજની વહીવટી વ્યવસ્થાનાં મૂળભૂત કે પાયારૂપ તત્વો છે." તેમણે આગળ જણાવ્યું હતું કે, એક ભવ્ય કાર્યક્રમ રાયગઢના કિલ્લાના પ્રાંગણમાં યોજાયો છે, જે સ્વરાજ્યની પ્રથમ રાજધાની છે અને આ દિવસની સંપૂર્ણ મહારાષ્ટ્રમાં એક તહેવારની જેમ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, આ પ્રકારના કાર્યક્રમો મહારાષ્ટ્રમાં આખું વર્ષ યોજાશે. તેમણે આ કાર્યક્રમના આયોજન અને અમલીકરણ માટે મહારાષ્ટ્રની રાજ્ય સરકારને અભિનંદન પણ આપ્યાં હતાં. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જયારે છત્રાપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક ત્રણસો પચાસ વર્ષ અગાઉ થયો હતો, ત્યારે તેમાં સ્વરાજ્ય અને રાષ્ટ્રવાદનો જુસ્સો સામેલ હતો. તેમણે કહ્યું હતું કે, શિવાજી મહારાજે ભારતની એકતા અને અંખડિતતાને જાળવવાની બાબતને હંમેશા સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, અત્યારે છત્રાપતિ શિવાજી મહારાજના વિચારોનું પ્રતિબિંબ એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનમાં જોઈ શકાશે. નેતાઓની નાગરિકોને પ્રેરિત કરવાની અને તેમનો આત્મવિશ્વાસ જાળવી રાખવાની જવાબદારી પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, કોઈ પણ વ્યક્તિ છત્રાપતિ શિવાજી મહારાજના સમયગાળામાં આત્મવિશ્વાસના સ્તરની કલ્પના કરી શકે છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, સેંકડો વર્ષોની ગુલામી અને આક્રમણકારો દ્વારા શોષણની સાથે ગરીબીએ સમાજને નબળો કર્યો હોવાનાં કારણે નાગરિકોનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે ડગી ગયો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આપણાં સાંસ્કૃતિક કેન્દ્રો પર હુમલો કરીને લોકોનું નૈતિક મનોબળ તોડી નાંખવામાં આવ્યું હતું." તેમણે

**"આ સફર છત્રપતિ શિવાજી મહારાજનાં સ્વપ્નોનાં ભારતનું નિર્માણ કરવાની સફર હશે. આ સફર સ્વરાજની, સુશાસનની અને આત્મનિર્ભરતાની હશે. આ વિકસિત ભારતની સફર હશે"**

ધ્યાન દોર્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજ આક્રમણખોરો સામે જ લડ્યાં નહોતાં, પરંતુ સાથે સાથે તેમણે જનતામાં એ વિશ્વાસ પણ સ્થાપિત કર્યો હતો કે, સ્વરાજ્ય સંભવ છે. શ્રી મોદીએ કહ્યું હતું કે, "શિવાજી મહારાજે ગુલામીની માનસિકતાનો અંત લાવીને રાષ્ટ્રનિર્માણ માટે અનેક લોકોને પ્રેરિત કર્યા છે." પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, ઈતિહાસમાં અનેક શાસકો છે, જેઓ સેનામાં તેમના પ્રભુત્વને કારણે પ્રસિદ્ધ છે, પરંતુ તેમની વહીવટીક્ષમતા નબળી હતી અને એ જ રીતે ઘણાં શાસકો તેમની ઉત્કૃષ્ટ વહીવટીક્ષમતાને માટે જાણીતા છે, પરંતુ તેમની સૈન્યનું નેતૃત્વ કરવાની ક્ષમતા નબળીહતી. તેમણે કહ્યું હતુંકે, જોકે છત્રપતિ શિવાજી મહારાજનું વ્યક્તિત્વ ઉત્કૃષ્ટ હતું, કારણ કે તેમણે 'સ્વરાજ'ની સાથે 'સુરાજ'ની સ્થાપના કરી હતી. પ્રધાનમંત્રીએ એવું પણ જણાવ્યું હતું કે, જ્યારે શિવાજી મહારાજે નાની વયે કિલ્લાઓ જીતીને અને દુશ્મનોને હરાવીને તેમની અંદર રહેલા સેનાપતિના ગુણોનું ઉદાહરણ આપ્યું હતું, ત્યારે બીજી તરફ એક રાજા તરીકે તેમણે જાહેર વહીવટમાં સુધારાઓનો અમલ કરીને સુશાસનની રીત પણ દર્શાવી હતી. પ્રધાનમંત્રીએ શિવાજીના શાસનના જનકલ્યાણના ગુણ પર ભાર મૂકીને વધુમાં સમજાવ્યું હતું કે, જ્યારે એક તરફ તેમણે તેમના



## "છત્રપતિ શિવાજી મહારાજની સાહસિકતા, વિચારસરણી અને ન્યાયની વ્યવસ્થાએ ઘણી પેઢીઓને પ્રેરિત કરી છે"

**"ભારતીય નૌકાદળનો ધ્વજ બ્રિટિશ શાસનની ઓળખ ધરાવતો હતો, જેને શિવાજી મહારાજનાં શાસનનાં પ્રતીક સાથે બદલવામાં આવ્યો છે"**

રાજ્ય અને સંસ્કૃતિનું આક્રમણખોરો સામે રક્ષણ કર્યું હતું, ત્યારે બીજી તરફ તેમણે રાષ્ટ્રનિર્માણનું સંપૂર્ણ વિઝન રજૂ કર્યું હતું, જેનાથી લોકોને આત્મસન્માન સાથે જીવન જીવવાની ખાતરી મળી હતી. પ્રધાનમંત્રીએ તેમની વાત આગળ વધારીને ઉમેર્યું હતું કે, આ ઉપરાંત છત્રપતિ શિવાજી મહારાજે સ્વરાજ, ધર્મ, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસા પર આક્રમણ કરવાનો પ્રયાસ કરતાં લોકોને કડક અને દ્રઢ સંદેશ પણ આપ્યો હતો, જેનાથી લોકો વચ્ચે વિશ્વાસ વધ્યો હતો અને આત્મનિર્ભરતાનો જુસ્સો પ્રસર્યો હતો. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, એના પરિણામે દેશ માટે સન્માનની ભાવના વધી હતી. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતોકે, ખેડૂત કલ્યાણની વાત હોય, મહિલા સશક્તિકરણની વાત હોય કે સામાન્ય નાગરિક સુધી શાસનને સુલભ બનાવવાની વાત હોય – શિવાજીની વહીવટી વ્યવસ્થા અને તેમની નીતિઓ આજે પણ એટલી જ પ્રસ્તુત છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, છત્રપતિ શિવાજી મહારાજનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાં એક યા બીજી રીતેઆજે પણ આપણને અસર કરે છે. તેમણે જાણકારી આપી હતી કે, ભારતની દરિયાઈ ક્ષમતાઓની સંભવિતતાને સમજીને નૌકાદળનું વિસ્તરણ કરવાની શિવાજીની વહીવટી કુશળતાઓ આજે પણ દરેકમાટેપ્રેરણારૂપછે. પ્રધાનમંત્રીએ એવો ઉલ્લેખ પણ કર્યો હતો કે, તેમણે નિર્માણ કરેલા કિલ્લાં સદીઓની ભરતી અને ઓટનો સામનો કરીને આજે પણ દરિયાની વચોવચ ગર્વ સાથે ઊભા છે. પ્રધાનમંત્રીએ શિવાજીના રાજયના વિસ્તરણના મુદ્દે પણ વાત કરી હતી અને ઉલ્લેખ કર્યો હતો કે, તેમણે દરિયાકિનારાઓથી લઈને પર્વતો પર કિલ્લાઓનું નિર્માણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, એ સમયગાળા દરમિયાન જળ વ્યવસ્થાપન સાથે સંબંધિત તેમની વ્યવસ્થાઓ નિષ્ણાતોને આજે પણ ચકિતકરે છે.શિવાજી મહારાજમાંથી પ્રેરણા મેળવવા પર પ્રધાનમંત્રીએ ભાર મૂકીને જણાવ્યું હતું કે, ભારતે ગયા વર્ષે ગુલામીની નિશાનીમાંથી નૌકાદળને મુક્ત કર્યું હતું અને બ્રિટિશ શાસનની ઓળખ ધરાવતો ભારતીય નૌકાદળના ધ્વજને શિવાજી મહારાજનાં નૌકાદળના ચિહ્ન સાથે બદલવામાં આવ્યો છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, "અત્યારે આ ધ્વજ દરિયાઓ અને આકાશમાં નવા ભારતના ગર્વનું પ્રતીક છે." પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "છત્રપતિ શિવાજી મહારાજનીસાહસિકતા,વિચારસરણી અને ન્યાયની વ્યવસ્થાએ અનેક પેઢીઓને પ્રેરિત કરી છે. તેમની સાહસિક કામગીરી, વ્યૂહાત્મક કુશળતાઓ અને શાંતિપૂર્ણ રાજકીય વ્યવસ્થા આજે પણ આપણા માટે પ્રેરકરૂપછે."પ્રધાનમંત્રીએસંબોધનને અંતે ગર્વ સાથે કહ્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજની નીતિઓની ચર્ચા દુનિયાના ઘણાં દેશોમાં થાય છે, જ્યાં આ નીતિઓ પર સંશોધનો થઈ રહ્યાં છે. શ્રી મોદીએ એક મહિના અગાઉ મોરેશિયસમાં સ્થાપિત થયેલી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનો ઉલ્લેખ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ મૂલ્યોના આધારે અમૃતકાળનાં ૨૫ વર્ષોની સફર પૂર્ણ થવી જોઈએ એ બાબત પર ભાર મૂકીને કહ્યું હતું કે, "આઝાદી કા અમૃત કાળમાં છત્રાપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષકનું ૩૫૦મું વર્ષ પૂર્ણ થવું એક પ્રેરક પ્રસંગ છે. આટલાં વર્ષો પછી પણ તેમણે સ્થાપિત કરેલાં મૂલ્યો આપણને આગળનો માર્ગ ચીંધે છે." પ્રધાનમંત્રીએ સંબોધન પૂર્ણ કરતાં કહ્યું હતું કે, "આ સફર છત્રાપતિ શિવાજી મહારાજના સ્વપ્નોનાં ભારતનું નિર્માણ કરવાની બની રહેશે. આ સફર સ્વરાજની, સુશાસનની અને આત્મનિર્ભરતાની હશે. આ સફર વિકસિત ભારતની સફર હશે."

# પ્રધાનમંત્રી ૩જી જૂને ગોવાની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપશે

**વંદે ભારત મુંબઈ અને ગોવા વચ્ચેની મુસાફરી લગભગ સાડા સાત કલાકમાં આવરી લેશે; રૂટની વર્તમાન સૌથી ઝડપી ટ્રેનની સરખામણીમાં લગભગ એક કલાકનો પ્રવાસ સમય બચાવશે**



કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩જી જૂને સવારે ૧૦:૩૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગોવાની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને મડગાંવ રેલવે સ્ટેશનથી લીલી ઝંડી બતાવશે. પ્રધાનમંત્રીના 'મેક ઈન ઈન્ડિયા' અને આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરતી, અત્યાધુનિક વંદે ભારત એક્સપ્રેસ મુંબઈ-ગોવા રૂટની કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને પ્રદેશના લોકોને ઝડપ અને આરામ સાથે મુસાફરી કરવા માટેનું સાધન પૂરું પાડશે. આ ટ્રેન દેશમાં દોડનારી ૧૯મી વંદે ભારત ટ્રેન હશે. આ ટ્રેન મુંબઈના

**મુસાફરોને વિશ્વ કક્ષાનો અનુભવ પ્રદાન કરવા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેની ટ્રેન**

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને ગોવાના મડગાંવ સ્ટેશન વચ્ચે દોડશે. તે લગભગ સાડા સાત કલાકમાં મુસાફરીને આવરી લેશે જે બે સ્થળોને જોડતી વર્તમાન સૌથી ઝડપી ટ્રેનની સરખામણીમાં લગભગ એક કલાકનો પ્રવાસ સમય બચાવવામાં મદદ કરશે. વિશ્વસ્તરીય સુવિધાઓ અને કવચ ટેકનોલોજી સહિત અદ્યતન સલામતી સુવિધાઓથી સજ્જ સ્વદેશી બનાવટની ટ્રેન બંને રાજ્યોમાં પ્રવાસનને પણ વેગ આપશે.

**"શિવાજી મહારાજ ગુલામીની માનસિકતાનો અંત લાવીને રાષ્ટ્રનિર્માણ માટે લોકોને પ્રેરિત કરે છે"**

# નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ ૨૦૨૨ના વિજેતાઓ અને ફાઈનલિસ્ટ્સ માટે હેન્ડહોલ્ડિંગ સપોર્ટ લોન્ચ કરવામાં આવ્યો

**ઇન્વેસ્ટર પિચિંગ, ગવર્નમેન્ટ કનેક્ટ્સ, કોર્પોરેટ અને યુનિકોર્ન એંગેજમેન્ટ્સ, બ્રાન્ડ શોકેસ અને ઇન્ટરનેશનલ માર્કેટ એક્સેસ જેવા ક્યુરેટેડ ટ્રેક્સમાં સપોર્ટ આપવામાં આવે છે**



કમલમ્ ન્યુઝ,
નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ ૨૦૨૨ના વિજેતાઓ અને ફાઈનલિસ્ટ માટે હેન્ડહોલ્ડિંગ સપોર્ટ, કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ, ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડ મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા ૧૬.૦૧.૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસની ઉજવણીના દિવસે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ એવોર્ડ્સ ૨૦૨૨ના પરિણામની જાહેરાત પછી સેક્રેટરી, DPIIT, શ્રી રાજેશ કુમાર સિંઘ દ્વારા ૦૨.૦૫.૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યો. હેન્ડહોલ્ડિંગ કવાયત બહુવિધ વર્ચ્યુઅલ અને ભૌતિક સત્રો, પ્રતિનિધિમંડળ, શોકેસ અને વિશિષ્ટ સમર્થન દ્વારા હાથ ધરવામાં આવશે. વિજેતાઓ અને ફાઈનલિસ્ટની વૃદ્ધિને સરળ બનાવવા માટે, સ્ટાર્ટઅપ્સને વિવિધ પ્રકારની પહેલો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે જેનો ઉદ્દેશ્ય તેમને પડકારોને દૂર કરવામાં અને વધુ સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો છે. સ્ટાર્ટઅપ્સના સર્વગ્રાહી શિક્ષણ અને વૃદ્ધિ માટે, હું એ સ્ટાર્ટઅપ્સને અનુરૂપ અને સમર્પિત સમર્થન પ્રદાન કરવા માટે અલગ ટ્રેક તૈયાર કર્યા છે. આ ટ્રેક્સ ઈન્વેસ્ટર પિચિંગ, ગવર્નમેન્ટ કનેક્ટ્સ, કોર્પોરેટ અને યુનિકોર્ન એંગેજમેન્ટ્સ, બ્રાન્ડ શોકેસ અને ઈન્ટરનેશનલ માર્કેટએક્સેસ પ્રદાન કરવા માટે ક્યુરેટ કરવામાં આવ્યા છે. હેન્ડહોલ્ડિંગ સપોર્ટનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ્સને શ્રેષ્ઠ પ્રદર્શન, શીખવાની અને નેટવર્કિંગની તકો, તેમની બ્રાન્ડ માટે વિશ્વાસ ઊભો કરવા, તેમના ઉત્પાદનની આસપાસ બઝ બનાવવા અને તેમના સંભવિત ગ્રાહકો સુધી પહોંચવાનો માર્ગ આપવાનો છે. તેને ચલાવવા માટે કેટલાક ભાગીદારોને પણ સામેલ કરવામાં આવ્યા છે. લોન્ચ ઈવેન્ટમાં હાજર રહેલા મુખ્ય ભાગીદારોમાં સરકારી ઈ-માર્કેટપ્લેસ, SIDBI, IVCA, IAN, HSBC, Mobikwik, Good Glam Group, PHDCCI અને Viacom 18નો સમાવેશ થાય છે. નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ ૨૦૨૦ હેઠળ ૯ ટ્રેકમાં પૂરા પાડવામાં આવેલ હેન્ડહોલ્ડિંગના ભાગરૂપે, મંત્રાલયો, રોકાણકારો, કોર્પોરેટ અને માર્ગદર્શકો સાથે ૪૦૦ કનેક્શનની સુવિધા આપવામાં આવી હતી, દૂરદર્શન સ્ટાર્ટઅપ ચેમ્પિયન્સ પર વિજેતાઓ પરના ૧૨ એપિસોડ્સ પ્રસારિત કરવામાં આવ્યાહતાઅને૧૯૨ફાઈનલિસ્ટને ઉદ્યોગ નિષ્ણાતો પાસેથી વન-ઓન-વન મેનશિપ મળી હતી. એ જ રીતે, ૭ ટ્રેકમાં નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ ૨૦૨૧ હેઠળ પ્રદાન કરવામાં આવેલા હેન્ડહોલ્ડિંગના ભાગ રૂપે, વિજેતાઓ અને ફાઈનલિસ્ટ માટે ૩૦ થી વધુ જ્ઞાન સત્રો અને ૧૦ પિચિંગ સત્રો યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સમૂહને ૧૮૫ કલાકની મેન્ટરશિપ મળી. ૧૧૦ થી વધુ સ્ટાર્ટઅપ્સને દુબઈ એક્સપોમાં પ્રદર્શિત કરવાની વિશિષ્ટ તક પણ પૂરી પાડવામાં આવી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) હેઠળ ભારત સરકારની મુખ્ય પહેલ, નાણાકીય, સામાજિક અને આર્થિક રીતે ઉત્કૃષ્ટતા દર્શાવનારા ઉત્કૃષ્ટ સ્ટાર્ટઅપ્સને ઓળખવા અને પુરસ્કાર આપવા માટે નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ (NSA)ની કલ્પના કરવામાં આવી છે. નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સની પ્રથમ બે આવૃત્તિઓએ ૮૦ વિજેતાઓ અને ૩૦૦ ફાઈનલિસ્ટને પુરસ્કાર અને માન્યતા આપી. ૧૭ સેક્ટરમાં ૪૧ સ્ટાર્ટઅપ્સ અને ૫૦ પેટા-સેક્ટર, ૨ઈક્યુબેટર્સઅને ૧ એક્સિલરેટરને નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ ૨૦૨૨નાવિજેતાતરીકેઓળખવામાં આવ્યાહતા.અનુકરણીયવિજેતાઓ સિવાય,૮૨ ફાઈનલિસ્ટ સ્ટાર્ટઅપ્સે મૂલ્યાંકનના વિવિધ રાઉન્ડ દ્વારા તેમની કુશળતા સાબિત કરી છે.

# તાપી જિલ્લાના ડિસ્ટ્રીક્ટ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ રીપોર્ટ ૨.૦નું વિમોચન કરાયું



કમલમ્ ન્યુઝ,
તાપી જિલ્લાનો ડિસ્ટ્રીકટ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ રીપોર્ટ ૨.૦ નું વિમોચન રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ તથા પ્રભારી સચિવ શ્રી પી.સ્વરૂપ સહિત પદાધિકારીઓની ઉપસ્થિતીમાં જિલ્લા સેવાસદન ખાતે કરવામાં આવ્યું હતું. પ્રભારી મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ (એસ.ડી.જી) અંતર્ગત ૧૭ ગોલના આધારે ગુજરાત સરકાર દ્વારા કરેલ રેકિંગમાં તાપી જિલ્લો ૪થા ક્રમે છે. એમ જણાવતા તમામ અધિકારીઓ-પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં મંત્રીશ્રીએ તાપી જિલ્લામાં ખુબ સારી કામગીરી કરવામાં આવી રહી છે એમ કહી જિલ્લા તંત્રની સરાહના કરી હતી. સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ (એસ.ડી.જી) અંતર્ગત ૧૭ ગોલના આધારે ગુજરાત સરકાર દ્વારા કરેલ રેકિંગમાં તાપી જિલ્લો ૪થા ક્રમે છે. જેમાં તાપી જિલ્લાનો ૧ ગોલ અચિવર તરીકે, ૭ ગોલ ફ્રન્ટ રનર તરીકે, ૫ ગોલ પરફોર્મર અને ૧ ગોલ એસ્પીરન્ટ તરીકે જોવા મળે છે. તાપી જિલ્લાની ગુજરાત રાજ્યની સ્થિતિ સાથે જોતા કુલ ૧૪ ગોલ પૈકી ૯ ગોલ ગુજરાત રાજ્યથી વધુ પરફોર્મન્સ ધરાવે છે. જ્યારે ૫ ગોલ રાજ્યથી ઓછું પરફોર્મન્સ ધરાવે છે, અને ૫ ગોલમાં ૧ થી ૧૦ ક્રમાંકમાં આવે છે. સતત વિકાસ લક્ષ્યાંક SDGs સાથે સંલગ્ન જુદા જુદા લક્ષ્યાંક જે વૈશ્વિક રીતે સામાજીક, આર્થિક અને પર્યાવરણલક્ષી પરીપેક્ષ્યને ધ્યાનમાં રાખીને ૧૨૬ નિર્દેશકોના સંદર્ભમાં વાસ્તવિક રીતે તાપી જિલ્લા સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ(એસ.ડી.જી) સાથે સંકળાયેલ ક્ષેત્રો જેવા કે આરોગ્ય, શિક્ષણ, પોષણ, પર્યાવરણ, રોજગારી, ગરીબી નિવારણ વગેરેની સ્થિતિ અંગેની વિગતો રજુ કરવામાં આવેલ છે. SDG 2.0 પુસ્તકનું વિમોચન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરજ વસાવા, ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણી, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ.વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહ, પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ, ડી.એફ.ઓ. શ્રી પુનીત નૈયર સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા આયોજન અધિકારીશ્રી વગેરેની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

